# ગોરંભાયેલા વાદળો છતાં વરસાદની વધુ એક વાર હાથતાળી

## સવારથી આકાશમાં ઘેરાયેલા કાળા ડિબાંગ વાદળોને કારણે શહેરીજનોને ધોધમાર વરસાદની અપેક્ષા હતી તે ઠગારી નીવડી : બપોરે માત્ર છુટાછવાયા હળવા વરસાદથી સંતોષ માનવો પડ્યો

ગાંધીનગર તા. ૨૦

ગાંધીનગરમાં ફરી એકવાર વરસાદની આશા ઠગારી નીવડી હતી અને દિવસ દરમ્યાન આકાશમાં ગોરંભાયેલા કાળા ડિબાંગ વાદળો છતાં છુટા છવાયા વરસાદી છાંટા સિવાય અપેક્ષા મુજબ વરસાદ ન વરસતા શહેરીજનોમાં નિરાશા વ્યાપી હતી. આજે શહેરનું મહત્તમ તાપમાન ૩૧ ડિગ્રી સે. નોંધાયું હતું તેમજ લઘુત્તમ તાપમાન ૨૭.૨ ડિગ્રી સે. રહેવા પામ્યું હતું જ્યારે શહેરમાં સવારના સમયે ભેજનું પ્રમાણ ૮૧ ટકા હતું જે સાંજે ૮૬ ટકા નોંધાયો હતું.

ગાંધીનગરની વનરાજીમાં અષાઢી મોરલા ટહુકી રહ્યાં છે, આકાશમાં કાળા ડિબાંગ વાદળો ઘેરાઈ રહ્યાં છે પરંતુ વારંવાર વરસાદ હાથતાળી દઈ રહ્યો છે. ગઈ કાલે મુંબઈ અને દક્ષિણ ગુજરાતમાં વરસેલા અનરાધાર વરસાદને કારણે શહેરીજનોને આજે ધોધમાર વરસાદ વરસવાની અપેક્ષા હતી અને તે મુજબ સવારથી શહેરના આકાશમાં વાદળો ઘેરાતાં આ અપેક્ષા વધુ મજબુત બની હતી. વાદળોને કારણે ઉકળાટ ભર્યુ વાતાવરણ પણ સર્જાયું હતું તેમ છતાં બપોરના સમયે ક્યાંક ક્યાંક છુટા છવાયા છાંટા નાંખીને વરસાદે ફરી એકવાર વિધિસર ચોમાસુ બેસવાની આશાઓને ઠગારી બનાવી હતી. જોકે ક્યાંક ક્યાંક હળવા વરસાદને કારણે શહેરના વાતાવરણમાં બપોર પછી ઠંડક પ્રસરવા પામી હતી અને સમગ્ર શહેરનો માહોલ હિલસ્ટેશન જેવો થઈ જવા પામ્યો હતો. સાંજના સમયે અનેક શહેરીજનોએ પોતાના મકાનોના ધાબે ચડી અને ગોરંભાયેલા વાદળોની અવનવી આકૃતિઓ નિહાળી તેની તસ્વીરો લીધી હતી અને સોશ્યિલ મીડિયા પર શે'ર કરી હતી. વારંવાર હાથતાળી દઈ રહેલા વરસાદથી અકળાયેલા નાગરીકો હવે શહેરમાં મુશળધાર વરસાદ સાથે ચોમાસાનો ધમાકેદાર પ્રારંભ થાય તેવી ખેવના કરી રહ્યાં છે.






## ખૂણેખાંચરેથી

- જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યનો આજે જન્મ દિવસ હતો. અત્યંત સાદગી સાથે તેમણે તેમના જન્મ દિવસની ઉજવણી કરી હતી.
- જિલ્લાતંત્રમાં આજે પણ મિટીંગ્સ ડે હતો. કલેક્ટર ઓફિસ અને જિલ્લા પંચાયતમાં સતત મિટીંગોનો દોર ચાલ્યો હતો.
- ગાંધીનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા હવે રાજ્ય વ્યાપી ઓનલાઈન ભરતી મેળાનું આયોજન કરવામાં આવશે.
- ભારત સરકારે ડી.એ. અંગે કરેલા ઓર્ડર આજે સચિવાલયમાં ફરતો થયો હતો અને રાજ્ય સરકાર હવે ઝડપથી નિર્ણય લે તેવો ગણગણાટ કર્મચારીઓમાં શરૂ થયો છે.
- આજે સતત બીજે દિવસે શહેર અને જિલ્લામાં એક પણ કોરોનાનો કેસ નોંધાયો ન હોવાથી તંત્રે રાહત અનુભવી છે.
- પ્રદેશ અધ્યક્ષ તરીકે સી.આર. પાટીલનું આજે એક વર્ષ પૂર્ણ થતાં પૂર્વ મેયર પ્રવિણ પટેલ અને તેમના સાથીઓએ સવારે વૃક્ષારોપણ કર્યુ હતુ.
- સી.આર. પાટીલ દ્વારા પ્રદેશ અધ્યક્ષ તરીકેનો એક વર્ષનો કાર્યકાળ પૂર્ણ થતાં પ્રદેશ મહામંત્રી રજનીભાઈ પટેલ, યુવા મોરચાના પ્રશાંત કોરાટની ઉપસ્થિતિમાં સે. ૨૧ કમલમ્ ખાતે શહેર ભાજપ દ્વારા વૃક્ષારોપણ કરાયુ હતુ.
- ગાંધીનગર જિલ્લા ભાજપ મહિલા મોરચાની એક મહત્વની બેઠક પ્રભારી ચંદ્રિકાબેન લિમ્બાચિયાની તેમજ જિલ્લા પ્રમુખ અનિલ પટેલ, મહામંત્રી આઈ.બી. વાઘેલાની ઉપસ્થિતિમાં સે. ૨૧ ખાતે મળી હતી.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




હવે તો હાથ પણ ધોવા પડશે અને.. અલગ અલગ ઝાડ નીચે જવાનું પણ રાખવું પડશે..

## સેક્ટર-૨૩ શોપિંગ સેન્ટરમાંથી સટોડિયો ઝડપાયો

ગાંધીનગર,તા.૨૦

ગાંધીનગર શહેરના સેકટર-૨૩ શોંપીગ સેન્ટરમાંથી એક સટ્ટોડિયાને સેકટર-૨૧ પોલીસે પકડી પાડ્યો હતો. ઓનલાઈન વેબ સાઈટ પર લોગઈન આઈડી પરથી ભારત શ્રીલંકા વચ્ચે ચાલી રહેલી મેચ પર સટ્ટાનું નેટવર્ક ચાલી રહ્યું હતું. પોલીસે સેકટર-૨૪ ખાતે રહેતા અનિલ સુથાર અને વીસનગરના શખ્સ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સેકટર-૨૧ પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમાં હતા તે સમયે સેકટર-૨૩ ખાતે બપોરના સમયે સાથી કર્મચારીને બાતમી મળી હતી કે સેકટર-૨૩ ગાર્ડન પાસે એક શખ્સ હાલમાં ચાલી રહેલી ઈન્ડીયા-શ્રીલંકા ટીમ વચ્ચે રમાતી મેચમાં ઓનલાઈન વેબ સાઈટ પર સટ્ટો રમે છે. જેથી પોલીસે બાતમીવાળી જગ્યા પરથી એક શખ્સને પોલીસે પકડી પાડ્યો હતો. પોલીસે તેનો મોબાઈલ ચેક કરતા તેમાં વિવિધ પોઈન્ટ લખેલા મળી આવ્યા હતા.જયારે પોલીસે તેનુ નામ પુછતા તેણે મુળ માણસાનો અને હાલ સેકટર-૨૪ હરસિદ્ધનગર ખાતે રહેતો અનિલ જશુભાઈ સુથાર હોવાનું જણાવ્યું હતું. જયારે પોલીસે રૂ.૫ હજારનો મોબાઈલ ફોન જપ્ત કરી બે શખ્સો સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## સ્કુલ ફી ભરવા નીકળેલો વાવોલ ગામનો કિશોર ગુમ

ગાંધીનગર,તા.૨૦

ગાંધીનગર નજીક આવેલા વાવોલ ગામના ૧૫ વર્ષિય કિશોર સેકટર-૨૩ માં આવેલી શાળાએ સ્કુલની ફી ભરવા માટે ઘરેથી નીકળ્યો હતો. ત્યારબાદ આજદિન સુધી કિશોર ઘરે પરત ન ફરતા પિતાએ સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી ગુમ કિશોરને શોધવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ વાવોલમાં આવેલા બદરી એપાર્ટમેન્ટ ખાતે રહેતા નિઝામુદીન અનવર શેખ લેબર કોન્ટ્રાકટરનો વ્યવસાય કરે છે.તેમના પરિવારમાં પત્ની ઝરીના તેમજ એક દિકરી અને બે પુત્રનો સમાવેશ થાય છે. સૌથી મોટા પુત્ર મોહમ્મદ રફી ઉર્ફે અબરાર સેકટર-૨૩માં આવેલી ખાનગી શાળામાં ધોરણ-૧૦માં અભ્યાસ કરે છે. શાળાની ફી ભરવાની હોવાથી મોહમ્મદ રફી ગત તા.૧૪ જુલાઈના રોજ ઘરેથી ફી ભરવા માટે રૂ.૩૫૦૦ લઈને નીકળ્યો હતો.

ત્યારબાદ મોહમ્મદના માતા-પિતા કામઅર્થે સેકટર-૨૪ માં ગયા હતા. ત્યારબાદ સમય વિતી જવા છતા મોહમ્મદ ઘરે ન આવતા તેના પિતાએ શાળાનો સંપર્ક કર્યો હતો. પરંતુ શાળા ખાતે મોહમ્મદ આવ્યો ન હોવાનું જાણવા મળ્યું હતું. વ્હાલસોયો દિકરો ગુમ થઈ જતા પરિવારજનોએ આસપાસના વિસ્તારમાં તેમજ સગા-સ્નેહીજનોના ઘરે તપાસ કરી હતી.પરંતુ આજદિન સુધી મોહમ્મદ અંગે કોઈ પત્તો ના લાગતા નિઝામુદિનને પુત્રના ગુમ થયા અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસો આગળની તપાસ હાથ ધરી છે.

## ગાંધીનગર ખાતે આર્મી ભરતી રેલી ગોધરા માટે નિવાસી તાલીમ વર્ગ શરૂ

ગાંધીનગર, તા. ૨૦

આગામી ઓગસ્ટ માસમાં યોજાનાર આર્મી ભરતી રેલી ગોધરા ખાતે જિલ્લાના વધુમાં વધુ યુવાનો પસંદગી પામે તેવા ઉદ્દેશથી જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર દ્વારા ૩૦ દિવસીય નિવાસી તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું છે. તા.૧૬-૭-૨૦૨૧ના રોજ શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, વાસણ ખાતે ગાંધીનગર જિલ્લાના ઉમેદવારોની પ્રિ-સ્ક્રૂટીની કરીને તેમાંથી ૩૦ યુવાનોને તાલીમ માટે પસંદ કરી, તાલીમ વર્ગ શરુ કરવામાં આવ્યા છે.

આ તાલીમ વર્ગમાં ઉમેદવારોને ફિઝીકલી તેમજ માનસિક યોગ્યતા કસોટી માટે તૈયાર કરવામાં આવશે. તાલીમ વર્ગના ઉદ્દઘાટન પ્રસંગે જિલ્લા રોજગાર અધિકારી વરેશકુમાર પાંડોર, શંકરસિંહ બાપુ કોલેજ, વાસણના નેટવર્ક એડમિનિસ્ટ્રેટર એસ.આર. શ્રીનિવાસ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર તાલીમ વર્ગનું સંચાલન રોજગાર કચેરીના ડી.કે. પટેલ, નિર્મલ પટેલ તથા કો-ઓર્ડિનેટર કેયુર પટેલ દ્વારા કરવામાં આવી રહ્યું છે.

## બાલવા યુથ ફાઉન્ડેશન દ્વારા સામાજિક વનીકરણ બ્લોક ''બૃહદારણ્ય''નું લોકાર્પણ

ગાંધીનગર, તા. ૨૦

બાલવા યુથ ફાઉન્ડેશન દ્વારા પોતાના સામાજિક વનીકરણ બ્લોક પ્રોજેક્ટ અન્વયે વર્ષ ૨૦૨૧-૨૨ના વનીકરણ બ્લોકનું લોકાર્પણ તા. ૧૮ જુલાઈ-૨૦૨૧ના રોજ કરવામાં આવેલ. કાર્યક્રમમાં અતિથી વિશેષ તરીકે શ્રી સ્વામિનારાયણ મંદિર સે. ૨ ના ગુરુવર્ય પી.પી. સ્વામી તથા ઘનશ્યામ સ્વામી તથા ગામના વડીલો ઉપસ્થિત રહ્યા હતા.

બૃહદારણ્ય વૃક્ષારોપણ બ્લોક ખાતે પડતર જમીનને ફળદ્રુપ બનાવવા અને જાળવવા ૨૫૦ થી પણ વધારે સંસ્કૃતિક મહત્વ દર્શાવતા વૃક્ષો જેમકે પીપળ, વડ, ઉંબરો, શમી, અર્જુન, બિલ્વ વગેરેનું વાવેતર કરેલ છે તથા જેટલા વૃક્ષો વાવ્યા એ તમામની કાયમી જાળવણી અને સંવર્ધન કરવા માટે ડ્રીપ ઈરીગેશન, વાયર ફેન્સીંગ તથા મેઈન્ટેનન્સ કર્મચારીની સુવિધા પણ ઉભી કરેલ છે. પ્રોજેક્ટ બાલવા યુથ ફાઉન્ડેશન દ્વારા વ્યાપક જનભાગીદારીના ભાગરૂપે ગામની સ્થાનિક સંસ્થાઓ, સ્થાનિક સત્તામંડળ તથા દાતાઓના સૌજન્યથી હાથ ધરવામાં આવેલ છે. પ્રત્યેક વર્ષે આવા આરક્ષિત વનીકરણ બ્લોક્સ બનાવવાનું આગોતરૂ આયોજન પણ કરવામાં આવ્યુ હતુ.

## સાયન્સ સિટી ખાતે 'ચંદ્ર પર માનવ પગલાંની ૫૨મી વર્ષગાંઠ' ઉજવાઈ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર નજીકના અમદાવાદના સરદાર પટેલ રીંગ રોડ પરની ગુજરાત કાઉન્સીલ ઓફ સાયન્સ સિટી દ્વારા ચંદ્ર પર માનવ પગલાંની ૫૨મી વર્ષગાંઠની સુવર્ણ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી.



ગુજરાત કાઉન્સીલ ઓફ સાયન્સ સિટી દ્વારા ૫૨ વર્ષની ઉજવણી નિમિતે ખાસ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ઈસરો-સાકના ચન્દ્રયાન ૨ અને ૩ પ્રોગ્રામના પ્રોજેકટ એક્ઝિક્યુટિવ ઋષિકુમાર શર્માએ ઈંટરએક્ટિવ સેશન દ્વારા બાળકોને માહિતીસભર જાણકારી આપી હતી. તેમણે ઈતિહાસ રચનાર એપોલો-૧૧ ઈવેંટ અને અવકાશ ક્ષેત્રમાં તેના મહત્વ વિષે માહિતી આપી તથા નીલ આર્મ સ્ટ્રોંગ વિષે પણ જણાવ્યુ. એપોલો-૧૧ ના ૫૨ વર્ષ વિષે તથા આજ સુધી થયેલા મૂન લેંડિંગ મિશન્સ વિષે જણાવ્યુ હતું. આ ઉપરાંત તેમણે ચન્દ્રયાન ૧, ૨ અને ૩ના નાનામાં નાનાથી લઈને સૌથી મોટા ભાગો વિષે સમજણ આપી હતી. ગગનયાન અને અવકાશ ક્ષેત્રે ભારતના ભાવિ વિષે પણ ટૂંકી માહતી આપી હતી.



અત્રે ઉલ્લેખનીય છે કે તા.૨૦મી જૂલાઈ, ૧૯૬૯ના રોજ એપોલો-૧૧ સ્પેસ ક્રાફ્ટ દ્વારા માનવીને ચંદ્ર પર લઈ જવામાં આવ્યા અને ચંદ્રની સપાટી પર ઉતરાણ કર્યા બાદ ૬ કલાક પછી અમેરિકાના નીલ આર્મ સ્ટ્રોંગે ચંદ્રની સપાટી પર સૌપ્રથમ પગ મૂક્યો હતો. તેમણે સ્પેસ ક્રાફટની બહાર અઢી કલાક જેટલો સમય ગાળ્યો હતો. ત્યાર બાદ આર્મ સ્ટ્રોંગ સાથે બઝ એલડ્રીન જોડાયા હતા અને તે બંનેએ સાથે મળીને ૪૭.૫ પાઉન્ડ જેટલી ચંદ્રની સામગ્રી એકત્રિત કરી હતી. સાયન્સ સિટીના કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએએ મૂન લેંડિંગ ગેમ, મૂન વોક, ચન્દ્રયાન અને પીએસએલવી-૧૧ લોંચના નિર્દેશનોનો આનંદ લીધો હતો. વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર તાજેતરમાં જ નિર્મિત એકવેટિક ગેલેરી, રોબોટીક્સ ગેલેરી અને નેચરપાર્કની મુલાકાત લીધી હતી.

## ગાયને રાષ્ટ્રીય કામધેનુ જાહેર કરવા ઉચ્ચકક્ષાએ રજુઆત

ગાંધીનગર, તા. ૨૦

ત્યારે કેન્દ્ર સરકાર દ્વારા ભારતીય ગાયને રાષ્ટ્રીય કામધેનુ જાહેર કરવામાં આવે તે અંગે તંત્ર સમક્ષ વારંવાર રજુઆત કરવામાં આવી છે. ગૌ હત્યા માટે ગાય વેચનાર તેમજ ખરીદનાર અને હત્યા કરનારને દોષિત ઠેરવી ફાંસીની સજા આપવામાં આવે. આગામી તા.૩૧ જુલાઈ સુધીમાં તંત્ર દ્વારા ગાયને રાષ્ટ્રીય કામધેનુ જાહેર કરવામાં નહી આવે તો બનાસકાંઠા જિલ્લાના વાવ તાલુકાના ભડવેલ ગામના આચાર્ય શ્રી હરીદાસ મહારાજ (રામનામ જપ કુટીર) તા.૧ ઓગસ્ટ થી શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે આમરણાંત ઉપવાસ પર ઉતરશે તેવી ચિમકી ઉચ્ચારી છે.

ભારતીય સંસ્કૃતિમાં પ્રાચીનકાળમાં વિશ્વની માતાનો દરજજો પ્રાપ્ત કરનાર ગૌ માતાની હાલત અત્યંત દુખદાયક બની ગઈ છે.ગવ્ય પદાર્થોમાંથી અનેક ઔષધીઓ બને છે તેમજ સાધના કરવા ઈચ્છુક ભકતો માટે સાક્ષાત કામધેનુ ગણાતી ગાયના ઘી-દુધના સેવનથી મન નિર્મળ બને છે. ત્યારે આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક દુખોને ગાયના ઘી દુધના સેવનથી બચાવી શકાય છે. અત્યારે હાલના સમયે ગૌ માતાને બચાવવા જરુરી છે. તેવુ રામનામ જપકુટીરના આચાર્ય હરીદાસ મહારાજે જણાવ્યું કે તેમણે કેન્દ્ર સરકારને પણ ગાયને રાષ્ટ્રીય કામધેનુ જાહેર કરવા માટે માંગ કરી છે. તે ઉપરાંત ગોપાલકોને પ્રતિ ગાય દીઠ અપાતી સહાય કોઈપણ પ્રકારની શરતો બિના પાંચ ગૌવંશ સુધી આપવામાં આવે અને ગૌ હત્યા માટે ગાય વેચનાર, ખરીદનાર અને હત્યા કરનારને દોષિત ગણીને ફાંસીની સજા આપવામાં આવે તેવી અનેકવાર ઉચ્ચકક્ષાએ રજુઆત કરાઈ છે. જયારે



ભારત ભરમાં ખુણે ખુણે ગાય માતાને બચાવવા માટે વિવિધ પ્રકારના આયોજન થઈ રહ્યા છે. સંતો દ્વારા ધાર્મિક અનુષ્ઠાનો, યજ્ઞો, અને નામ સંકિર્તન કરવામાં આવે છે. જયારે રામનામ જપ કુટરી ખાતે ૧૦૦૮ દિવસનું અનુષ્ઠાન ચાલી રહ્યું છે. આચાર્ય હરીદાસ મહારાજ ચિમકી ઉચ્ચારી છે કે જો ગૌ માતા અંગે કેન્દ્ર સરકાર તરફથી તા.૩૧ જુલાઈ સુધી હકારાત્મક નિર્ણય નહી આવે તો તા.૧ ઓગસ્ટથી સત્યાગ્રહ છાવણી ખાતે હરીદાસ મહારાજ ગૌ માતાને રાષ્ટ્રીય કામધેનુનો દરજ્જો અપાવવા માટે આમરણાંત ઉપવાસ પર ઉતરશે તેવી ચિમકી ઉચ્ચારી છે.

## જિલ્લા કલેકટર કચેરી સામે ચાલતા તમામ કોર્ટ કેસો માટે કાયદા અધિકારીની નિમણૂક કરવા જોગ

ગાંધીનગર જિલ્લામાં મહેસૂલ તથા નાણાંકીય દાવાઓ સહિતના કલેકટર કચેરી સામે ચાલતા તમામ કોર્ટ કેસોમાં સબળ રજુઆત તથા અસરકારક બચાવ થઈ શકે તે માટે કરાર આધારિત ફિક્સ પગારથી ૧૧ માસની મુદત માટે કાયદા અધિકારીની નિમણૂક કરવાની છે, તેવું જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્યએ જણાવ્યું છે.

ગાંધીનગર જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્યએ વધુમાં જણાવ્યું છે કે આ અંગેના અરજીપત્રકનો નમૂનો, પરિશિષ્ટ - ૩ તથા અન્ય આનુષાંગિક માહિતી જિલ્લા કલેકટર કચેરી, ગાંધીનગરની મહેકમ શાખા ખાતેથી કામકાજના દિવસો દરમિયાન મળી શકશે. અરજી ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ ૫મી ઓગસ્ટ, ૨૦૨૧ છે.

## વૃક્ષારોપણ કર્યા બાદ વૃક્ષોની માવજત પણ જરૂરી છે

સરકારના વન અને પર્યાવરણ વિભાગ દ્વારા તેમજ વિવિધ સંગઠ્નો, સંસ્થાઓ દ્વારા દર વર્ષે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવે છે. જેમાં જગ્યાને લક્ષમાં લઈ હજારો-લાખો વૃક્ષો રોપવામાં આવે છે. પણ જેમ મા-બાપ નાના બાળકોની સાર-સંભાળ, દેખરેખ, માવજત કરતા હોય છે તેમ વૃક્ષોની પણ સાર-સંભાળ, દેખરેખ, માવજત સમયાંતરે કરવામાં આવે તો જ તેનો વ્યવસ્થિત અને ઈચ્છીએ તેવો વિકાસ થાય છે. નહીતર જતનના અભાવે વૃક્ષારોપણનો આખો આશય નિષ્ફળ જાય છે અને સાથે સાથે લાખો રૂપિયાનું સરકારના વન અને પર્યાવરણ વિભાગને નુકશાન વેઠવુ પડે છે. કારણ કે એક છોડ ઉછેરવા માટે બીજ નાખવાથી માંડીને તે મોટુ થાય ત્યાં સુધી તેની ખુબજ માવજત અને મહેનત કરવી પડતી હોય છે. જેથી તેનુ જતન થાય તો જ સરકારનો તથા સંસ્થાઓ વગેરેનો આશય ફળિભૂત થાય. વર્તમાન સમયમાં યુવાનો પોતાના જન્મદિન નિમિત્તે વૃક્ષો વાવીને ઉજવણી કરી રહ્યા છે. જે ખૂબ જ સારી બાબત છે. પણ જાગૃત યુવાવર્ગે આ વૃક્ષોની માવજત પર ખાસ ધ્યાન રાખવુ જોઈએ.



શહેરીજનો દ્વારા વૃક્ષોની યોગ્ય માવજત કરવામાં આવે તો ભવિષ્યમાં ગાંધીનગરમાં પહેલા જેવી લીલોતરી મળી શકે છે. વધતા જતા વિકાસની આડમાં આપણે ગ્રીનસીટીનું બીરૂદ ખોવાના દિવસો ન આવે તે માટે પણ દરેક શહેરીજન દ્વારા વૃક્ષોની રોપણી તથા યોગ્ય માવજત કરવી હિતાવહ છે. ગ્રામ્ય વિસ્તારોમાં ૪,૨૦,૩૨૩ વસ્તીએ ૫,૨૫,૩૨૮ વૃક્ષો નોંધાવા પામ્યા છે. જે વસ્તી પ્રમાણે અત્યંત ઓછા નોંધાયા છે. વન વિભાગ દ્વારા વૃક્ષોની જાળવણી માટેની જાળીની વ્યવસ્થા કરવામાં આવતી હોય છે. છતાં તેમાં વૃક્ષોની હાલત જોતા સૂકાયેલા છોડ અથવા ત્યાં છોડ જોવા જ નથી મળતા હોતા. આ અંગે વન વિભાગ દ્વારા યોગ્ય કાર્યવાહી કરવી જોઈએ. પર્યાવરણ પ્રેમીઓ દ્વારા સમાજમાં જાગૃતતા આવે તે માટે યોગ્ય કાર્યક્રમ કરવા જોઈએ. લોકોને વૃક્ષો વાવવા સાથે માવજત કરવા જેવા પ્રોત્સાહન કરવા જોઈએ. અસામાજિક તત્વો દ્વારા વૃક્ષ છેદન કરવામાં આવે છે જે અંગે કડક કાર્યવાહી કરવી જોઈએ. શહેરીજનોમાં કેટલાક નાગરિકોને વૃક્ષોનો કચરો પડે તે પસંદ ન હોવાથી વૃક્ષો કાપી નખાતા હોય છે. જે યોગ્ય બાબત નથી. ભણેલા ગણેલા નાગરિકો પાસેથી આવી અપેક્ષા રાખવી યોગ્ય નથી તેથી દરેક વ્યક્તિએ પર્યાવરણને બચાવવા માટેના પ્રયાસો કરવા જોઈએ અને સરકાર તથા વન વિભાગ તંત્રનો સાથ સહકાર આપીને વૃક્ષો વાવા તથા માવજત કરવી જોઈએ.

**ભરતી માટેની જાહેરાત**

**મધ્યાહન ભોજન યોજના, કલેક્ટર કચેરી સાબરકાંઠા**

**સાબરકાંઠા જિલ્લામાં મધ્યાહન ભોજન યોજના હેઠળ ૧૧ માસની કરાર આધારિત જગ્યા ભરવાની જાહેરાત**

યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી જિલ્લા કક્ષાની તેમજ તાલુકા કક્ષાની કચેરીઓમાં ૧૧ માસના કરાર આધારિત ભરતી માટે નીચે મુજબની જગ્યાઓ માટે અરજી આવકાર્ય છે.

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | માસિક મહેનતાણું |
|---|---|---|---|
| ૧ | જિલ્લા પ્રોજેકટ કો-ઓર્ડિનેટર | ૧ | રૂા.૧૦,૦૦૦ ફિક્સ |
| ૨ | તાલુકા એમ.ડી.એમ. સુપરવાઈઝર | ૮ | રૂા.૧૫,૦૦૦ ફિક્સ |

મધ્યાહન ભોજન યોજનામાં જિલ્લા કક્ષાએ જિલ્લા પ્રોજેકટ કો-ઓર્ડિનેટર અને તાલુકા કક્ષાએ તાલુકા એમ.ડી.એમ સુપરવાઈઝરની ૧૧ માસના કરાર આધારિત ભરતી માટે પસંદગી કરવા માટે યોગ્ય લાયકાતો અને પુરતો અનુભવ ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. અરજી ફોર્મ, નિમણૂંક માટેની લાયકાત અને શરતો નાયબ કલેકટર, મ.ભો.યો.ની કચેરીમાંથી મેળવી શકાશે. નિયત નમૂનામાં જાહેરાત પ્રસિધ્ધ થયાના ૧૦ દિવસમાં અરજી રૂબરૂમાં સાદી ટપાલથી કે રજીસ્ટર પોસ્ટ એ.ડી/ સ્પીડ પોસ્ટથી મોકલી આપવાની રહેશે. નિયત સમયબાદ મળેલ અરજીઓ માન્ય ગણાશે નહી. અરજી કરતાં પહેલાં ઉમેદવારે આ જગ્યાઓ માટેની આવશ્યક લાયકાત, વય મર્યાદા, અનુભવ, નિમણૂંકનો પ્રકાર અને મહેનતાણાં અંગેની સૂચનાઓ /માર્ગદર્શિકા જે www.sabarkantha.gujarat.gov.in પર ઉપલબ્ધ છે. આ જગ્યાઓ અંગેની પસંદગી યાદી નાયબ કલેકટર, મ.ભો.યો. કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવશે. મેરીટમાં અગ્રતા મેળવેલ ઉમેદવારોના ઈન્ટરવ્યુ /પ્રમાણપત્રોની ચકાસણી માટે નાયબ કલેકટર મ.ભો.યો. દ્વારા લેખિત/ઈ-મેઈલ દ્વારા જણાવવામાં આવશે.

**નામાનિ/હિંમત/૨૧૦/૨૦૨૧**